# જાહેરાત

**સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત અમરેલી દ્વારા કાર્યરતઅમરેલીજીલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરઅને મીની આંગણવાડી કાર્યકરની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૧/૨૨**

આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત અમરેલી હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરઅને મીની આંગણવાડી કાર્યકરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | મીની આંગણવાડીકાર્યકરની હાલનીખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧૧ | ૧૩ | ૧૪૯ | ૧૯૨ | ૨ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રીદ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અનેઅન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલાહોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩વર્ષથી વધુન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાંફોર્મભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૧ માં તા ૧૫/૦૩/૨૦૨૨ થી રાત્રે ૦૦.૦૦ કલાકથી શરૂ થશે. તા.૦૪/૦૪/૨૦૨૨ (રાત્રે૧૨:૦૦ કલાક)સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડીકાર્યકર-૭૮૦૦/-, આંગણવાડી તેડાગર-૩૯૫૦/- અને મીની આંગણવાડી કાર્યકર-૪૪૦૦/-ને મળતુ માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે.આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર તથા મીની આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે.ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદીનિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાંચી અપલોડ કરવામાં આવતા ડોક્યુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

ઉપરોક્ત જગ્યા પૈકી નીચે દર્શાવેલ આંગણવાડી કેંદ્રોમા આંગણવાડી કાર્યકર, મીની આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર માટે ભરતીનો બીજો પ્રયત્ન છે.

૧.અમરેલી-૧:- આંગણવાડી તેડાગર:- માણેપરા-૧(૨૧૬),ધાંચીવાડ-૨૫૦.

૨.અમરેલી-૨:- આંગણવાડી કાર્યકર:-કમીગઢ-૧(૧૧૫), આંગણવાડી તેડાગર:-રીકડીયા-૨(૬૦),ફતેપુર(૮૮), દેવળીયા -૩(૯૪),ખડખંભાળીયા-૧૪૮

૩.બાબરા:- આંગણવાડી કાર્યકર:-ઉંટવડ-૮૬, નડાળા-૬૯, આંગણવાડી તેડાગર:-કુંવરગઢ-૨૯,ખાખરીયા-૧૫,ગમાપીપરીયા -૩૯, બહેલપીપરીયા-૧૦૨

૪.બગસરા:- આંગણવાડી તેડાગર:-ફુલરીયા-૮૫,સનાળીયા-૭૮

૫.ધારી:- આંગણવાડી કાર્યકર:-માણાવાવ-૧૩૦, આંગણવાડી તેડાગર:-માણાવાવ-૧૩૦, ઢોલરવા-૩૫,ડુંગરીઇંગોરાળા -૫૪,કોઠાપીપરીયા-૧૦૨,નવાચરખા-૫૧

૬.કુંકાવાવ:- આંગણવાડી કાર્યકર:-રાંદલદડવા-૧(૩૬), વાવડી રોડ-૪૯,આંગણવાડી તેડાગર માટે:-સનાળા-૧(૪૫), સનાળા-૨(૪૬),મોરવાળા-૯૨,અમરાપુર-૧૨.

૭.ખાંભા:-આંગણવાડી કાર્યકર:- ભુંડણી-૯૫,કોટડા-૫૪,નાનીધારી-૬૬,જીક્યાળી-૫૬,પાટી-૯૨,મોટાસમઢીયાળા-૪૭,આંગણવાડી હેલ્પર:-કોટડા-૫૪,નાની ધારી-૬૬, નવા માલકનેસ-૭૭, પાટી-૯૨, ભુંડણી-૯૫, ભુંડણી-૯૬, મોટાસમઢીયાળા-૪૮, નાનુડી-૬૮,નાના બારમણ-૧૦૦

૮.લાઠી:-આંગણવાડી કાર્યકર:-કાંચરડી-૨(૫૦) ,સુવાગઢ-૮૭, આંગણવાડી તેડાગર:-ભીંગરાડ-૨(૪૩)

૯.લીલીયા:-આંગણવાડી કાર્યકર:-ભેંસવડી-૧(૨૮), આંગણવાડી હેલ્પર:-સલડી-૧(૧૦),વાઘણીયા-(૧૭), જાત્રોડા -૧(૫૫),ભેંસવડી-૨(૨૯), શેઢાવદર-૪૦

૧૦.રાજુલા:- આંગણવાડી કાર્યકર:-નેસડી-૭૨, દાંતરડી-૨(૧૫૨), ભાક્ષી-૭૨, આંગણવાડી તેડાગર:-વિસળીયા-૧૪૬, બર્બટાળા-૪૩, ખારી-૪૬., ધોળીયાધાર-૩૦, જીંજકા-૧૦૩, મોટાઆગરીયા-૬૮, ડુંગર-૨(૭૪), કોવાયા-૧(૧૨૭), જુની બારપટોળી-૧૨૩

૧૧.જાફરાબાદ:- આંગણવાડી તેડાગર:-ઘેસપુર-૧૧૯, પાટીમાણસા-૧(૧૦૦),નવી જીકાદી-૫૧,દુધાળા-૫૦,લોર-૧(૫૫),લોર-૨(૫૬),મોટા માણસા-૧(૯૮)

૧૨.સાવરકુંડલા-૧:-આંગણવાડી કાર્યકર:-મોલડી-૧(૧૭૫), આંગણવાડી તેડાગર:- મેકડા-૩(૧૦૬), ખાલપર-૨(૧૦૮), વાસીયાળી-૩(૯૮)

૧૩. સાવરકુંડલા-૨:-આંગણવાડી કાર્યકર માટેચીખલી-૨(૨૦૩), બોરાળા-૧(૧૪૬),આંગણવાડી તેડાગર:-અભરામપરા-૧(૨૪૦)

વધુ માહિતી માટે અમરેલી જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS),તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

ગુરવ દિનેશ રમેશ
જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત અમરેલી

જિમાક/અમર/૩૭૮/૨૨